એક શાસન જે સાક્ષી ભાવ ને શોભાવે છે ...
મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ
# દૂધસાગર પત્રિકા
Amul The Taste of India
Dudhsagar The Pride of India
અંક - ૦૮ | ફેબ્રુઆરી - ૨૦૨૨ www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## દૂધસાગરના ચેરમેન તો મારા કરતાં ય ઝીણું જોવે છે : શ્રી નિતીનભાઈ પટેલ

# વર્ષ એક : ઉપલબ્ધિઓ અનેક

**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)**

ગત ૧૫ જાન્યુઆરીના રોજ દૂધસાગરના વર્તમાન ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી અને તેમના સાથી નિયામક મંડળના સભ્યોને દૂધસાગરની શાસન ધૂરા સંભાળ્યાનું એક વર્ષ પૂર્ણ થતાં પોતાના પવિત્ર અને પારદર્શી વહિવટથી સંસ્થા સાથે સંકળાયેલા છ લાખ પશુપાલકો અવગત થાય તે માટે પશુપાલકોના પ્રતિનિધી સ્વરૂપ આગેવાનોની સંકલન સમિતીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં, ગુજરાત સરકારના વહિવટમાં વર્ષોથી અનુભવ ધરાવતા અને અનેક વખત રાજ્યના નાણામંત્રી, શહેરી વિકાસમંત્રી જેવા આર્થિક બાબતોથી સંકળાયેલા અતિમહત્વના વિભાગો સંભાળનાર તથા લાંબા સમય સુધી ગુજરાતની સત્તાનું બીજા નંબરનું મહત્વનું સ્થાન સંભાળનાર મહેસાણા વિધાનસભાના પ્રતિનીધી અને રાજ્યના ભૂતપુર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી.નિતીનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.






સંકલન સમિતીની આ સ્વૈચ્છિક બેઠકમાં શ્રી. અશોકભાઈ ચૌધરી શાસિત નિયામક મંડળના એક વર્ષની વહિવટીય અદાને જાણવા ધારાસભ્યશ્રી. રમણભાઈ પટેલ, કરશનભાઈ, પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, જીલ્લા ભાજપ પ્રમુખ જશુભાઈ પટેલ, ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન શ્રી. વિનોદભાઈ પટેલ સહિત ડેરીના તમામ ડિરેક્ટરશ્રીઓ અને પાટણ-મહેસાણા-ગાંધીનગર વિસ્તારના ૭૫૦ થી વધુ પશુપાલકોના પ્રતિનીધી એવા સંકલન સમિતીના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં વિતેલા એક વર્ષમાં દૂધસાગર ડેરીમાં લેવાયેલા વિવિધ નિર્ણયો અને તેના પરિણામોથી પશુપાલકોને જીણવટભર રીતે અવગત કરાવવા માટે સંસ્થાના E.D શ્રી પ્રવિણકુમાર બાંભીને જવાબદારી સોંપવામાં આવી હતી. તેઓશ્રીએ એક વિશાળ પડદા ઉપર ૩૫ મિનીટ સુધી એક વર્ષમાં ચેરમેનશ્રી તથા નિયામક મંડળ દ્વારા ડેરીના વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવેલા વહિવટીય સુધારા અને તેના પરિણામે થયેલા ફાયદા વિશે જાણકારી આપી હતી. વિતેલા એક વર્ષમાં થયેલા કરકસરયુક્ત અને પારદર્શક વહિવટને પરિણામે રૂા.૩૦૦ કરોડની બચતનો સીધો લાભ પશુપાલકોને પ્રાપ્ત થવા પામ્યો છે તેની જાણકારી આપતાં ઉપસ્થિત સમગ્ર સંકલન સમિતીના સભ્યોએ તાળીઓના ગળગળાટથી પોતાની ખુશી વ્યક્ત કરી આ વહિવટીય ક્ષમતાને વધાવી લીધી હતી.



## સમયને અનુરૂપ અમે લોકો તો બદલાતા રહેશું પણ મહેસાણા દૂધ સંઘના ચેરમેન ની સજ્જનતા અને પવિત્રતાના કારણે તેઓ અકબંધ રહેશે : અમરતભાઈ દેસાઈ

સંકલન સમિતીની આ બેઠકને સંબોધિત કરતાં : મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના વાઈસ ચેરમેન શ્રી. અમરતભાઈ દેસાઈએ જણાવ્યું કે ; અશોકભાઈ ચૌધરીના એક વર્ષના વહિવટના અમો સાક્ષી છીએ, આ માણસ પોતાની સત્તાનો બિલકુલ સંસ્થા માટે ઉપયોગ કરી રહ્યા છે. ઘરનું ટીફીન ખાઈ- પોતાની જ ગાડી વાપરી જે રીતે તેઓ ૨૪ કલાક માટે આ સંસ્થા માટે પોતાનું સમર્પણ આપી રહ્યા છે એ અમારી નજર સમક્ષ છે. અશોકભાઈના તમામ નિર્ણયો માત્રને માત્ર સંસ્થાના હિત માટે જ હોય છે. જેથી અમારૂ સમગ્ર નિયામક મંડળે પણ તેમના દરેક નિર્ણયને સમર્થન આપ્યું છે. તેઓએ પોતાની વાત આગળ કરતાં કહ્યું કે : સમયને અનુરૂપ અમે લોકો બદલાતા રહીશું પણ અશોકભાઈ ની સજ્જનતા અને પવિત્રતાને કારણે તેઓની સેવાઓ દૂધસાગરને મળતી રહે તે ઈચ્છનીય છે અને મને વિશ્વાસ છે કે તેઓ આ સંસ્થાના ચેરમેન પદે અકબંધ રહેશે.

## આ એક વર્ષની સફળતાનો શ્રેય હું મારા સાથી નિયામક મંડળના મિત્રો – ડેરીના અધિકારીઓ – કર્મચારીઓ અને લાખો દૂધ ઉત્પાદકોને આપું છું : ચેરમેન શ્રી. દૂધસાગર ડેરી



પોતાના પ્રાસંગિક ઉદ્દબોધનની શરૂઆતમાં દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરીએ આ એક વર્ષની સફળતાનો શ્રેય પોતાના સાથી નિયામક મંડળ સહિત સંસ્થાના અધિકારીઓ, કર્મચારીઓ અને લાખો દૂધ ઉત્પાદકોને આપતાં જણાવ્યું કે ; એક વર્ષ પહેલાં આ સંસ્થાનો કાર્યભાર સંભાળ્યો ત્યારે આજના જ દિવસે અમે પશુપાલકોને વચન આપ્યું હતું કે અમારી ટીમ પારદર્શક વહિવટ કરશે, પશુપાલકોને સારા ભાવો આપશે અને આ ડેરીને પાંચ વર્ષમાં પચાસ લાખ લિટર દૂધની ક્ષમતા સુધી લઈ જઈશું . આ વર્ષે આપણે પ્રતિદીન ૩ લાખ લિટર દૂધની ક્ષમતામાં વધારો કરી શક્યા છીએ અને પ્રથમ વખત દૂધસાગર ડેરીએ વિવિધ કાર્યક્ષેત્રોમાં નવી ક્ષિતીજો સર કરી છે. પ્રથમ વખત એવું બન્યું છે કે, શિયાળામાં પણ દૂધના ભાવમાં આપણે ઘટાડો ર્ક્યો નથી અને હું ખાતરી આપું છું કે ; ભવિષ્યમાં પણ હવે દૂધના ભાવ કદાપી ઘટશે નહિં. ઉત્તરો ઉત્તર આપણે દૂધના ભાવમાં ક્રમશઃ વધારો જ કરતાં રહીશું ! અહીં આપણી વચ્ચે ગુજરાત રાજ્યના ભૂતપુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી. નિતીનભાઈ પટેલ સાહેબ ઉપસ્થિત છે ત્યારે : હું એમને વિશ્વાસ આપુ છું કે - અમે આ વખતે દૂધસાગર ડેરીના ૬૩ વર્ષના ઈતિહાસનો સૌથી વધારે ભાવ વધારો આપવા જઈ રહ્યા છીએ.

**અહીં આપણી વચ્ચે ગુજરાત રાજ્યના ભૂતપુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી. નિતીનભાઈ પટેલ સાહેબ ઉપસ્થિત છે ત્યારે : હું એમને વિશ્વાસ આપુ છું કે - અમે આ વખતે દૂધસાગર ડેરીના ૬૩ વર્ષના ઈતિહાસનો સૌથી વધારે ભાવ વધારો આપવા જઈ રહ્યા છીએ : શ્રી. અશોકભાઈ ચૌધરી**

પોતાના વક્તવ્યને આગળ વધારતાં શ્રી. અશોકભાઈ ચૌધરીએ જણાવ્યું કે ; **કોરોનાની વિકટ પરિસ્થિતીમાં એક તરફ જાહેર સમારંભો, મેળાવળાઓ તથા બજારો બંધ હોવાથી દૂધ અને દૂધના ઉત્પાદનોના વેચાણમાં અભૂતપુર્વ મંદીનો આપણે સામનો કરી રહ્યા હતા. અને છતાંય આપણે ગામડાઓની આર્થિક સ્થિતી અકબંધ રહે તે માટે અઢારે - અઢાર દૂધ સંઘોએ એક પણ દિવસ દૂધ લેવાનું બંધ નહોતું ર્ક્યું. આપણે આ દૂધમાંથી પાવડર બનાવી તેનો સંગ્રહ કરી રહ્યા હતા. એક તરફ દૂધ ઉત્પાદનો ના વેચાણમાં ધરખમ ઘટાડો વર્તાઈ રહ્યો હતો તો બીજી તરફ આંતરરાષ્ટ્રિય બજારોમાં દૂધના પાવડરના ઘટતા ભાવને કારણે આપણે વૈશ્વિક હરીફાઈમાં ટકી શકીએ તેમ નહોતા આવી વિકટ પરિસ્થિતીમાં અહીં ઉપસ્થિત એ સમયના સરકારના ઉપમુખ્ય મંત્રી શ્રી.નિતીનભાઈ પટેલ સાહેબ તથા મુખ્યમંત્રી શ્રી.વિજયભાઈ રૂપાણી સાહેબે પાવડરમાં પ્રતિકીલો પચાસ રૂપિયાની સબસીડી જાહેર કરી આ ક્ષેત્ર માટે રૂા.૧૫૦ કરોડ ફાળવી આપણા ગુજરાતના દૂધના આ સહકારી ક્ષેત્રને સાચવી લીધુ છે. આ સબસીડી મળવાને કારણે આજે આપણે લગભગ દૂધના પાવડરનો માલ સ્ટોક ઓછો કરવામાં સફળ રહ્યા છીએ ત્યારે હું આ તબક્કે તેમનો પણ આભાર વ્યક્ત કરું છું.** આપણને કેન્દ્ર સરકારની NDDB દ્વારા માલસ્ટોક ઉપર 4% વ્યાજ સહાય મળી છે. આ વ્યાજ સહાયને પરિણામે આપણને આ વર્ષે રૂા.૧૬ કરોડ મળવા પામ્યા છે. **હું દૂધસાગરના વિકાસ માટે સબંધો ઉભા કરવાના મતનો માણસ છું. સરકાર હોય કે ફેડરેશન સબંધોમાં સુવાસ હશે તો જ આપણે સરવાળે મહેસાણા દૂધ સંઘને વધુ ઉંચાઈઓ તરફ લઈ જઈ શકીશું ત્યારે ભારત સરકારના માનનીય કેબીનેટ મંત્રીશ્રી. અથવા તો સરકાર અને ફેડરેશનના કોઈ પ્રતિષ્ઠિત પ્રતિનીધી કે અધિકારી જ્યાં આવશે તેમના સન્માનમાં હું એકવાર નહી- સો વાર ત્યાં જઈશ !** આપણે નજીકના ભવિષ્યમાં સહકારી ક્ષેત્રોમાં દૂધની સાથે - સાથે બીજા અનેક ક્ષેત્રોનો સમાવેશ કરવા જઈ રહ્યા છીએ. આગામી દિવસોમાં આપણે અમૂલ અને સાગર બ્રાન્ડથી પ્રાકૃતિક શાકભાજી, મધ અને અન્ય ખાધા ખોરાકીની ચીજ વસ્તુઓ લઈ બજારમાં ઉતરીશું. અમૂલના નામથી ઉત્તમ ગુણવત્તા યુક્ત ચીજવસ્તુઓ બજારમાં ઉપલબ્ધ થાય તે માટે મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ પણ પોતાનું શતપ્રતિશત પ્રદાન આપવાના એક્શન મોડમાં આવી ગયું છે અને આવનાર સમયમાં તેના સુંદર પરિણામો આપણને પ્રાપ્ત થશે તેવો મને વિશ્વાસ છે ! સ્વ.માનસિંહભાઈ અને સ્વ.મોતીભાઈએ આ દૂધસાગર રૂપી ભવ્ય વારસો આપણને ભેટમાં આપ્યો છે. પારદર્શક વહિવટથી આ સંસ્થાને સફળતાના નવા મુકામો સુધી લઈ જવી એજ આ મહાત્માઓના ચરણોમાં આપેલી સાચી શ્રધ્ધાંજલિ ગણાશે. તેમના પૂણ્યસ્મરણ સાથે મારે અહીં ઉપસ્થિત હજારો પશુપાલકોના આગેવાનોના માધ્યમથી જણાવવું છે કે : ગામડામાં રહેતી સામાન્ય પશુપાલક બેન ભલે કદાપી મહેસાણા ન આવી હોય-જીંદગીમાં ભલે અમને કદી ના મળી હોય ! છતાંય એના મનમાં એક વિશ્વાસ ઉભો કરવો છે કે ; મારી ચિંતા કરવા વાળું મહેસાણામાં કોઈક બેઠું છે ! ! આ વિશ્વાસ સાર્થક થાય ત્યારે આપણે સફળ થયા ગણાઈએ અને હું અને મારા સાથી મિત્રો આ માર્ગ ને જ સત્યનો માર્ગ ગણીએ છીએ અને આ માર્ગ ઉપર ચાલવા સંકલ્પ બધ્ધ છીએ. આ દૂધસાગર ડેરી સાથે જોડાયેલા લાખો સભાસદો અને કર્મચારીઓના હિતને જોવું એજ અમારું પ્રથમ લક્ષ છે જેના કારણે અમે ગળચટ્યા નથી લાગતા - અમારું કડવા લાગવાનું એક કારણ અમારી પવિત્રતા પણ હોઈ શકે !

# ત્રણ દિવસથી મારી ગાડીમાં પડેલ આ દૂધસાગર પત્રિકા વાંચતો હતો અને આજે આ સ્ક્રિન ઉપર હિસાબો જોયા પછી મારે હવે કશું કહેવાનું રહેતું નથી : નિતીનભાઈ પટેલ



તા.૧૫ જાન્યુઆરી ના રોજ ગુજરાત રાજ્યના ભૂતપુર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી.નિતીનભાઈ પટેલ નિરાંતે પોતાનો તમામ કિંમતી સમય દૂધસાગરને સમર્પિત કર્યો હોય તેમ દૂધસાગરના એક વર્ષના વહિવટને બારીકાઈ થી જોતા હતા. પોતાના હાથમાં દૂધસાગર ડેરી સંચાલિત "દૂધસાગર પત્રિકા" અને આંખો ડેરીના માનસિંહભાઈ ઓડિટોરીયમના સ્ટેજ પર લગાવવામાં આવેલી વિશાળ સ્ક્રિન ઉપર સ્થિર કરી બેઠા હતા. સમય સમય પર દૂધસાગરના ચેરમેનશ્રી. સાથે અલપ જલપ કરી વાતને સમજવાની કોશીષ કરતા હતા. લગભગ ૩૫ મિનીટ સુધી દૂધસાગરના એક વર્ષના હિસાબોને અનિમેષ નજરે જોયા બાદ કાર્યક્રમના એક કલાક ૨૦ મિનીટ બાદ તેઓ માઈક ઉપર સંકલન સમિતીના સભ્યોને સંબોધવા ઉભા થયા ત્યારે : સૌ પ્રથમ તેમણે પોતાના હાથમાં રહેલી દૂધસાગર પત્રિકાને બતાવતાં જણાવ્યું કે ; ત્રણ દિવસથી મારી ગાડીમાં પડેલ આ દૂધસાગર પત્રિકા વાંચતો હતો અને આજે આ સ્ક્રિન ઉપર હિસાબો જોયા પછી મારે હવે કશું કહેવાનું રહેતું નથી. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે અશોકભાઈનો વહિવટ એ સુશાસનનું ઉત્તમ ઉદાહરણ ગણાવી જણાવ્યું કે ; આમ તો નાણામંત્રી તરીકે તેમજ મને મળેલા તમામ સરકારના વિભાગોમાં લોકો મારી વહિવટીય કરકસર અને ઝીણું જોવાની વાતો કરતા હતા પણ આજે મને લાગ્યું કે ડેરીના ચેરમેન અશોકભાઈ તો મારા કરતાંય ઝીણું જોવે છે ! ડેરીનો કોઈ વિભાગ એમની નજરમાં થી બચ્યો નથી. પ્રોડક્શનથી લઈ ટ્રાન્સપોર્ટ અને પગારથી લઈને તમામ ખરીદીઓ માં તેમણે ચારે તરફથી સુશાસનનો પરિચય આપ્યો છે - આ સુશાસન ભાજપમાંથી આવ્યું છે. અશોકભાઈ આમ તો અમારા સંગઠનના માણસ છે અને સંગઠનમાંથી જ આગળ આવ્યા છે. એક વર્ષમાં એમણે આટલું કર્યું તો હજી તો ૪ વર્ષ બાકી છે. અશોકભાઈ સાથે પણ આપણા નરેન્દ્રભાઈ મોદી જેવું થયું છે - મોદી સાહેબ કહેતા ; શરૂઆતના વર્ષો તો ખાડા પૂરવામાં જ જશે ! અશોકભાઈનું આ વર્ષ પણ એ રીતે જોઈએ તો ખાડા પૂરવામાં જ ગયું. છ લાખ ખેડૂતોની એક વર્ષમાં આ દૂધસાગર થકી ૩૦૦ કરોડ ની આવક વધી એ કોઈ નાની સુની વાત નથી. આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈનું ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ છે. અને ખેડૂતો માટે ખેતીની સાથે પશુપાલન એ પૂરક ધંધો હોવાથી આ સ્વપ્નું પૂરું કરવામાં આ ડેરીઓનું ક્ષેત્ર મહત્વની ભૂમિકા ભજવશે. આ દરમ્યાન નિતીનભાઈ પટેલે પોતાની સહજશૈલીમાં હળવાશ ઉભી કરતાં જણાવ્યું કે : ભેંસ તો બધા રાખે - પણ બધી ભેંસ સરખું દૂધ ના આપે ! મત મેળવવા પણ કામ કરી બતાવવું પડે, એમ ને એમ કોઈ મત ના આપી દે !! પોતાના વક્તવ્યના અંતમાં નિતીનભાઈ પટેલે જણાવ્યું કે આ બિનજરૂરી ખર્ચાઓ ઓછા કરી - કરકસર કરી - ઓછા ખર્ચે વધુ ઉત્પાદન કરી અશોકભાઈએ પોતાની વહિવટીય આવડતનો પરિચય આપ્યો છે.

# પુત્રના લક્ષણ પારણામાં : લ્યો ... પ્રથમ વર્ષનો આ પારદર્શક પ્રારંભ

## વાત છે વિકાસની : પશુપાલકોના વિશ્વાસની

| એક્શન | રિએક્શન |
|---|---|
| ● વિતેલા એક વર્ષ દરમ્યાન નજીક નજીકના બે તબક્કામાં દૂધના ભાવમાં ૩૦ રૂપિયાનો વધારો કરી - ૧૦ વર્ષમાં પ્રથમ વખત બનાસ ડેરીના ભાવની સમકક્ષ **રૂા.૬૮૦** કરવામાં આવ્યા. | ● આ ઐતિહાસિક નિર્ણયના પરીણામે આ વર્ષે ગત વર્ષ કરતાં દૂધની **આવકમાં ૧૪%** જેટલો વધારો થયો અને દૂધ ઉત્પાદકોને ગત વર્ષ કરતાં **વાર્ષિક ૧૦૦ કરોડ** રૂપિયા વધારે મળ્યા. |
| ● નવિન નિયામક મંડળ દ્વારા શાસનના પ્રથમ દિવસથી જ સાગરદાણના ભાવમાં **રૂા.૫૦** નો ઘટાડો કરવામાં આવ્યો. | ● સાગરદાણના આ ભાવ ઘટાડાથી મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા પશુપાલકોને **વાર્ષિક કરોડો રૂપિયાનો** ફાયદો થઈ રહ્યો છે. |
| ● દૂધ ખરીદીના ભાવોમાં વધારો કરી - શિયાળાની ઋતુમાં પણ આ ભાવો અકબંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. | ● દૂધસાગર ડેરીના ૬૩ વર્ષોમાં આ નિર્ણયને પરિણામે પહેલીવાર દૂધસાગર ડેરી ખાતે દૂધની આવક પ્રતિદીન ના હિસાબે **૨૫ લાખ લિટર** ને પાર પહોંચી ગઈ છે. |
| ● પશુસારવારની ફી (વિઝીટ) જે અગાઉ રૂા.૨૦૦ હતી જેમાં **૫૦%** નો ધરખમ ઘટાડો કરી **રૂા.૧૦૦** કરવામાં આવી. | ● આ નિર્ણયને પરિણામે : પશુપાલકોને વાર્ષિક **૩.૫ કરોડ** રૂપિયાનો ફાયદો થવા પામ્યો છે તેમજ સ્પેશ્યલ વિઝીટની સંખ્યામાં ગત વર્ષ કરતાં **૪૩%** જેટલો વધારો નોંધાવા પામ્યો છે. |
| ● સેક્સડ સીમેન ડોઝના ભાવ જે અગાઉ રૂા.૨૦૦ હતા - તેમાં **રૂા.૧૫૦** નો ઘટાડો કરી માત્ર **રૂા.૫૦** કરવામાં આવ્યા. | ● સેક્સડ સીમેન ડોઝના ભાવોમાં આ ઘટાડો કરવાથી - આ ડોઝ કે જેમાં માદા બચ્ચું આવવાની ૯૦% શક્યતાઓ રહેલી છે - હાલમાં પશુપાલકો આ વૈજ્ઞાનિક પધ્ધતિનો આપણા સંઘમાં તથા અન્ય સંઘોમાં ભરપૂર લાભ લઈ રહ્યા છે અનેક દૂધ મંડળીઓએ આ ડોઝ પોતાના પશુઓને આપવાના ઠરાવ કર્યા છે. |
| ● ભારત સરકારશ્રીની N.P.D.D યોજનામાં **૬૦%** સહાયવાળા **૧૦૦** બલ્ક કુલર મંજૂર કરાવવામાં આવ્યા છે. | ● આ નિર્ણયને પરિણામે : **૪૦%** રકમથી **૧૦૦** જેટલી દૂધ મંડળીઓને અત્યાધુનિક બલ્ક કુલરો પ્રાપ્ત થશે તથા તેના પરિણામે દૂધ સંગ્રહ અને દૂધની ગુણવત્તા અકબંધ રાખવામાં મદદ મળી રહેશે. |

| એક્શન | રિએક્શન |
|---|---|
| શ્રી. અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ વહિવટમાં આવેલ નિયામક મંડળ દ્વારા સાગરદાણની કાચામાલની ઓનલાઈન અને રીવર્સ ઓક્શન વાળી પારદર્શક ખરીદ પધ્ધતિ અપનાવવામાં આવી. | આ પધ્ધતિને પરિણામે આજે સમગ્ર ગુજરાતની તમામ ડેરીઓમાં સૌથી સસ્તા ભાવે **(રૂા.૧૩૦૦ પ્રતિ ૭૦કિ.ગ્રા બોરી)**દાણ આપવા છતાં પણ આજે સંસ્થાને એક પણ પૈસાનું નુકસાન થતું નથી. |
| અમૂલ AMCS સિસ્ટમ અગાઉ માત્ર ૫૦૦ દૂધ મંડળીઓ ઉપર કાર્યરત હતી જેની કાર્યપધ્ધતિમાં નવા નિયામક મંડળ દ્વારા ઝડપ લાવવામાં આવતાં હાલમાં **૯૯૦** દૂધમંડળીઓ ઉપર આ સિસ્ટમને કાર્યરત કરી દેવામાં આવી છે. તથા આગામી **૩૧-૦૩-૨૦૨૨** સુધીમાં **૧૦૦ ટકા** કરવાનું લક્ષાંક રાખવામાં આવેલ છે. | આ વૈજ્ઞાનિક સગવડને કારણે ગામડા ગામનો નાનામાં નાનો દૂધ ઉત્પાદક (સભાસદ) પોતાની નજર સમક્ષ પોતાના દૂધનો તમામ વેચાણ વ્યવહાર અને ગુણવત્તા જોઈ શકશે. આ પધ્ધતિથી તમામ સભાસદો દૂધ મંડળીઓ અને સંઘ એકબીજા સાથે સંપર્કમાં રહી શકશે. |
| જનશ્રી વિમા યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષથી અનેક વિધ કારણોસર **૩૧૦૦** જેટલા વિમા ક્લેઈમ પેન્ડીંગ હતા. સંસ્થાના મેનેજમેન્ટે આમાં રૂબરૂ દખલગીરી કરી **૨૯૫૦ પેન્ડીંગ ક્લેઈમ** મંજૂર કરાવી દીધા છે અને **૧૭૭ ક્લેઈમ** હાલમાં પેન્ડીંગ છે. | મહેસાણા દૂધસંઘની વિમા કંપની સાથેની આ બેઠકોના દૌરના પરિણામે અત્યાર સુધીમાં ત્રણ વર્ષ જુના ક્લેઈમના રૂપિયા **૧૦.૩૨ કરોડ** પશુપાલકોને અપાવવામાં સંઘ સફળ રહ્યો છે. |
| ભારત સરકારશ્રીની NPDD યોજનામાં **૬૦ ટકા** સબસીડી વાળા **૫૦૦ નંગ** દૂધમાં ભેળસેળ ચકાસણી મશીન મંજૂર થઈ ગયા છે. | મહેસાણા દૂધ સંઘના આ પ્રયાસથી **૫૦૦** દૂધ મંડળીઓને માત્ર **૪૦ ટકા** રકમથી જ આ મશીન પ્રાપ્ત થશે તથા આ મશીનને પરિણામે દૂધમાં ભેળસેળ નો અવકાશ શૂન્ય થવા પામશે. |
| ભારત સરકારશ્રીની સહાયથી આ વર્ષે **૪૦** જેટલા ગામોની મંડળીઓને **દૂધઘર** અને **ગોડાઉન** માટે રૂપિયા **૫-૫ લાખ** સહાય મંજૂર કરાવવામાં આવ્યા છે. | આ મહેનતને પરિણામે સગવડ વિનાની આ દૂધમંડળીઓમાં પાકા મકાન અને ગોડાઉન તૈયાર થતાં દૂધના ખરીદ કેન્દ્રો ઉપર સુલભ વ્યવસ્થા સધાતાં તેમને ભવિષ્યમાં નવી પધ્ધતિઓ પ્રમાણે ની સગવડથી સંઘ સાથે જોડી શકાશે. |
| પશુપાલનના વ્યવસાયને અને ભેંસના દૂધની આવક વધારવાના ઈરાદાથી મંડળીઓ મારફતે ઓછા વ્યાજે ભેંસ ખરીદી માટે લોન યોજનામાં **રૂા.૧૦૦ કરોડ** નું આયોજન કરાયું છે (જેમાં વિધવા બહેનો માટે **૬%** અને અન્ય માટે **૬.૫%** વ્યાજ રાખવામાં આવ્યું છે. તેમજ પશુ વિમા પ્રિમીયમનો પ્રતિવર્ષ **૨.૩૩ %** દર લાગુ કરવામાં આવ્યો છે) | આ લોન સહાયના સદઉપયોગથી મહેસાણા દૂધસંઘ ના કાર્યક્ષેત્રમાં પશુપાલન ના વ્યવસાયને ગતિ પ્રાપ્ત થશે તથા નિરાધાર અને ગરીબ તથા વિધવા બહેનો આત્મસન્માનથી આ વ્યવસાય આગળ ધપાવી શકશે (ભૂતકાળમાં આપણો દૂધસંઘ ભેંસના દૂધથી ભરપુર રહેતો આ યોજનાથી ભેંસના દૂધની આવકમાં પણ નોંધપાત્ર વધારો નોંધાશે તેવો આશાવાદ છે) |
| નવા મેનેજમેન્ટના અસ્તિત્વ બાદ દૂધસાગરના CS વિભાગની કાર્યપધ્ધતિમાં ધરમૂડથી ફેરફાર કરવામાં આવ્યા છે જેના પરિણામે ડેરીના સુપરવાઈઝરો દ્વારા પર મંડળીઓ ઉપર ઓડિટ કરી અંગત વપરાતા **રૂા.૨૯ કરોડ** જમા લેવડાવવામાં આવ્યા છે જે પૈકી **રૂા.૧૬.૭૫ કરોડ**ની સંઘમાં થાપણો કરાવવામાં આવી છે. | CS વિભાગના આ કડક પગલાને પરિણામે દૂધ ઉત્પાદકોના હકના પૈસા અંગત કે આળસમાં વપરાતા બંધ થવા પામ્યા છે અને તે રકમની F.D થવાથી વ્યાજની રકમમાં વધારો થતાં પશુપાલકોને ફાયદો થશે તેમજ વિવિધ મંડળીઓના વહિવટમાં ટ્રસ્ટી ભાવનો સંચાર શરૂ થયો છે. |
| દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સાથેના નિયામક મંડળના પ્રથમ દિવસથી કરકસરયુક્ત વહિવટ કરવાના નિશ્ચય થી તથા **સૌ પ્રથમ દૂધસાગર** એવા સંકલ્પ ની સિધ્ધી ... | આવી પારદર્શક અને કરકસરયુક્ત વહિવટીય કાર્ય પ્રણાલીને પરિણામે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ **તા.૧૫-૦૧-૨૦૨૧ થી લઈ તા.૧૫-૦૧-૨૦૨૨** સુધીના એક વર્ષમાં ડેરીની લોનમાં **રૂા.૨૦૮ કરોડ**નો માતબર ઘટાડો થવા પામ્યો છે. |
| દૂધસાગરના ખરીદ વિભાગ દ્વારા સાગરદાણમાં વપરાતા તમામ કાચામાલની ખરીદી માટે અમલમાં લાવવામાં આવેલી ઈ-ટેન્ડર પધ્ધતિ તથા રિવર્સ ઓક્શન અને ઈ-ઓક્શન પધ્ધતિના અમલનો ફાયદો | દૂધસંઘના વર્તમાન શાસકોની આ સાફ અને સ્પષ્ટ નિયત ધરાવતી કાર્ય પધ્ધતિ ના પરિણામે ગતવર્ષની સરખામણીમાં આ વર્ષે નવા નિયામક મંડળના કાર્યકાળ દરમ્યાન આ પારદર્શક પધ્ધતિના કારણે દૂધસાગરને **રૂા.૪૨ કરોડનો** ફાયદો થવા પામ્યો છે. |
| મહેસાણા દૂધસંઘ ખાતે છેલ્લા એક વર્ષમાં બિનજરૂરી-બિન કાર્યક્ષમ અને મોટા પગાર ધરાવતા કુલ ૮૯ કર્મચારીઓને છુટા કરવામાં આવ્યા. | નવા મેનેજમેન્ટના શરૂઆતમાં ખૂબ આકરા લાગતા આ પગલાં ના આજે શુભ પરિણામ જોવા મળી રહ્યા છે. આ છુટા કરવામાં આવેલ કર્મચારીઓથી ડેરીના સંચાલનમાં કોઈ કસર નથી વર્તાઈ રહી અને વાર્ષિક **રૂા.૭.૦૪ કરોડ** બચવા પામ્યા છે. |
| ભૂતકાળથી દૂધસાગર ડેરીમાં કામ કરતા જુના ચાલુ લેબર કોન્ટ્રાક્ટરોની સાથે મેનેજમેન્ટે વન-ટુ-વન બેઠકો કરી લેબર ચાર્જના ભાવો માં ધરખમ ઘટાડો કર્યો તેમજ નવા ટેન્ડરોમાં ભૂતકાળ કરતાં ઘણા ઓછા ભાવોમાં ટેન્ડર પધ્ધતિથી કામ આપવાનું શરૂ કર્યુ. | **દૂધસાગર પ્રથમ** : નવા મેનેજમેન્ટની આ શેહશરમ વગરની સંસ્થાના હિતની કાર્ય પધ્ધતિના પરિણામે આ વર્ષે આપણે માત્ર લેબર કોન્ટ્રાક્ટના આ એક માત્ર ક્ષેત્રમાંથી પશુપાલકોના આશરે **રૂા.૨૦ કરોડ** બચાવી શક્યા છીએ. |
| ખાનગી કોન્ટ્રાક્ટરો દ્વારા કરવામાં આવતા મેનપાવર સપ્લાયર્સ ને ઓછા કરવા ઝીણું મેનેજમેન્ટ હાથ ધરી સંઘના કર્મચારીઓને એ કામ સોંપી આશરે **૪૦૮ કોન્ટ્રાક્ટના કામદારો** ઓછા કરવામાં આવ્યા. | મેનપાવરની આ જરૂરીયાતનો બારીકાઈ અને ઝીણવટ ભરેલો અભ્યાસ અને એજ કામમાં સંઘના કર્મચારીઓને જોતરી કાર્ય પ્રણાલીમાં કોઈ રુકાવટ લાવ્યા વિના આપણે દૂધસંઘમાં આ એકમાત્ર એક્શનથી આશરે **વાર્ષિક રૂા.૬ કરોડ** બચત કરી શક્યા છીએ. |
| મહેસાણા દૂધસંઘના ટ્રાન્સપોર્ટ વિભાગમાં ભૂતકાળમાં બિનજરૂરી અને વ્યર્થ વપરાતી કુલ **૨૩ ગાડીઓ** ઓછી કરી તેનો નિકાલ કરી દેવામાં આવ્યો. | આ એક્શનને પરિણામે ૨૩ ગાડીઓ ના નિકાલબાદ પણ દૂધસાગર ડેરીની કાર્યક્ષમતા ઉપર કોઈ વિપરીત અસર નથી પડી. ઉલટાનું ; આ વર્ષ દરમ્યાન સંઘની ગાડીઓ આશરે **૩,૬૧,૬૩૪ કિ.મી.** ઓછી ફરવાને પરિણામે આપણે અંદાજે **રૂા.૪૫ લાખ** બચાવી શક્યા છીએ. |
| દૂધસાગર સંચાલિત રાજસ્થાન ખાતેની મંડળીઓના દૂધ પ્રાપ્તિના નવા રૂટ કોઠા સૂઝ થી ઉભા કરી **૪૭ રૂટ** ઓછા કરી દેવામાં આવ્યા | **જ્યાં ન પહોંચે રવિ - ત્યાં પહોંચે અનુભવી** એ ન્યાયે રાજસ્થાન ખાતે આ **૪૭ રૂટ** ઓછા કરી કોઠા સૂઝનો ભરપુર ઉપયોગ કરી નવા રૂટ ઉભા કરવાને પરિણામે પ્રતિદીન ગાડીઓ ના **૧૨૫૦૦ કિ.મી.** ઓછા થવાના પરિણામે દૂધસાગરને આશરે **વાર્ષિક ૬ કરોડ રૂપિયા** બચાવવામાં સફળતા મળી છે. |

| એક્શન | રિએક્શન |
|---|---|
| દૂધસાગર ડેરીના CS વિભાગ દ્વારા ભૂતકાળમાં માણસા, કલોલ, સિધ્ધપુર, વિસનગર ખાતે ભાડાની રકમ ઉપર રાખવામાં આવેલી ઓફિસો બંધ કરી વ્યવસ્થાને સુનિયોજીત કરવામાં આવી. | **બે હાથે થતા કામને બત્રીસ હાથે** કરાવવાની આ કાર્યપધ્ધતિ બંધ કરાતાં કાર્યશૈલીમાં કોઈ વિક્ષેપ વિના આપણે માત્ર બિનજરૂરી ભાડા ચૂકવણીમાંથી આશરે **વાર્ષિક રૂા.૧૮ લાખ** બચાવી શક્યા છીએ. |
| ભૂતકાળમાં ટેન્કરો સાથે જતા BMC સેમ્પલર (બે હાથનું કામ - બત્રીસ હાથે) ના કુલ **૧૧૨** કોન્ટ્રાક્ટના માણસો બંધ કરી ટેન્કર માલિકને જ જવાબદારી અને જવાબદેહી સોંપવામાં આવી. | આ એક માત્ર દ્રષ્ટિકોણ - વહિવટની સાચી અદા - અને સાફ નિયત ના નિર્ણયને પરિણામે આપણે આ વર્ષે દૂધસાગર ડેરીના અંદાજિત **રૂા.૨ કરોડ** બચાવી શકવામાં સમર્થ બન્યા છીએ. તેમજ ફેટ લોસ ઓછો કરી શક્યા છીએ. |
| જગુદણ પશુ તાલીમ કેન્દ્ર ખાતે વર્ષભર વિવિધ બેન્ચો દ્વારા મંડળી કક્ષાએ કામ કરી શકે તેવા સ્થાનિક પશુપાલકના દિકરા - દિકરીઓને કૃત્રિમ બિજદાન ટેક્નીશીયન તરીકે તૈયાર કરવાના અભ્યાસ વર્ગોનું વિઝન. | આ રીતે તાલીમ પામી તૈયાર થતા બિજદાન કર્મચારીઓ પશુપાલકોના સંતાનો હોવાથી તે આત્મનિર્ભર બનશે તથા હાલમાં ચાલી રહેલો બાયફ કંપનીનો કોન્ટ્રાક્ટ બંધ થતાં સંઘને વાર્ષિક આશરે **રૂા.૩ કરોડની બચત** થશે. |
| ભૂતકાળમાં અમેરિકન કંપની સાથે થયેલ કરાર મુજબ સેક્સડ સીમેન ડોઝની ખરીદ કિંમત **રૂા.૬૪૦** હતી - નવા નિયામક મંડળના અસ્તિત્વ બાદ કંપની સાથે વારંવારની બેઠકોને પરિણામે પ્રતિ ડોઝ **રૂા.૫૦** નો ઘટાડો કરવામાં આવ્યો. | સેક્સડ સીમેન ડોઝ પૂરી પાડતી કંપનીના અધિકારીઓ સાથે ની નવા મેનેજમેન્ટની આ કવાયત ના પરિણામે મહેસાણા દૂધ સંઘને **રૂા.૩ કરોડ** ની અંદાજિત બચત થવા પામશે. |
| ભૂતકાળમાં વિવિધ બેંકો પાસેથી લેવામાં આવેલ ધિરાણની રકમ ઉપરનો વ્યાજ દર ઓછો કરાવવા નવા મેનેજમેન્ટે શરૂઆતથી જ બેઠકો શરૂ કરી તેના પરિણામે **વ્યાજ ખર્ચમાં ૨૨%** નું ધરખમ ઘટાડો નોંધાવવામાં સફળતા મળી. | નવા ચેરમેનશ્રી. અને નવા નિયામક મંડળની આ નવી મહેનત અને કાર્યક્ષમતા તથા દૂધસાગર માટે કંઈક કરી છૂટવાની ભાવના ને પરિણામે હાલમાં મહેસાણાની દૂધસાગર ડેરીને **વાર્ષિક ૧૩ કરોડ રૂપિયા** જેટલો માતબર ફાયદો થઈ રહ્યો છે. |
| N.D.D.B. દ્વારા ચાલતી યોજનાનો લાભ લેવાથી વ્યાજ સહાય મહેસાણા દૂધ સંઘ માટે પ્રાપ્ત થાય તે દિશામાં કાર્ય હાથ ધરાયું. | નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ (N.D.D.B.) ની આ વ્યાજ સહાય યોજનાનો લાભ લેવાને કારણે સંસ્થાના **રૂા.૧૬ કરોડ** મંજૂર થવા પામ્યા છે જેમાંથી મળવા પાત્ર તમામ રકમ મહેસાણા દૂધસંઘને પ્રાપ્ત થઈ જવા પામી છે. |
| દૂધસાગર સંચાલિત રાજસ્થાનના વિવિધ કાર્યક્ષેત્રો ઉપર મુકવામાં આવેલી કોન્ટ્રાક્ટની **૩૦** પૈકી **૨૪** બોલેરો ગાડી બંધ કરી દેવામાં આવી. | રાજસ્થાનના તમામ સેન્ટરોને **૬ (છ) ઝોનમાં** વહેંચી તેમાં માત્ર **૬ (છ) જ ગાડીઓની** સેવાઓ અકબંધ રાખી વધારાની **૨૪ બોલેરો ગાડી** બંધ કરી દેવાના પરિણામે સંઘને આશરે **વાર્ષિક ૫૫ લાખ** રૂપિયાની બચત થવા પામી છે. |
| દૂધસાગરના ધારૂહેડા ખાતે સેન્ટ્રલ AC ઓફિસો બંધ કરાવી તેમજ પ્લાન્ટ લેવલના સુધારા કરી બિનજરૂરી ખર્ચાઓ ઉપર કાપ મુકાયો. | આ ઓફિસોમાં બિનજરૂરી સેન્ટ્રલ AC બંધ કરાવી પ્લાન્ટ લેવલના જરૂરી સુધારા કરી અગાઉ લાખોમાં આવતા લાઈટબીલ ના ખર્ચમાં ધરખમ ઘટાડો નોંધાવા પામ્યો છે. જેનાથી વાર્ષિક અંદાજિત **રૂા.૩.૩૮ કરોડ** બચત થવા પામી છે. |
| ભૂતકાળમાં માખણ અને પાવડર રાખવા માટે ઉંચા ભાવે મળતીઓના ગોડાઉનો અને કોલ્ડ સ્ટોરેજ ભાડે રાખી અધધ રકમ ચૂકવવામાં આવતી હતી તે ટેન્ડર પધ્ધતિથી બંધ કરવામાં આવી. | નવા મેનેજમેન્ટે સત્તાના સૂત્રો સંભાળ્યાના શરૂઆતના મહિનાઓ માંજ અખબારમાં ખુલ્લી જાહેરાત આપી ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજના ટેન્ડર મૂકી નવેસરથી ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજ ભાડે રાખ્યા જેમાં ૫૦% સુધીનો ઘટાડો નોંધાવા પામ્યો છે. |
| રાજસ્થાન ખાતે આવેલા વિવિધ શીતકેન્દ્રોના એગ્રીમેન્ટમાં મિનીમમ ગેરંટીમાં ફેરફાર કરી દૂધસાગર સંઘ ના હિતમાં નિર્ણય લેવાયા. | આપણા સંઘના હિતને ધ્યાને લઈ કરવામાં આવેલા મિનીમમ ગેરંટીના એગ્રીમેન્ટના આ ફેરફારોથી મહેસાણા જિલ્લા દૂધસંઘને વાર્ષિક આશરે **રૂા.૪૯ લાખની** બચત થવા પામી છે. |
| અગાઉ પનીર બનાવવાના પ્લાન્ટનું ટેન્ડર **રૂા.૩૨.૯૩ કરોડ**થી પાસ કરી દીધું હતું ! આ મંજુર થયેલ ટેન્ડર રદ કરી વર્તમાન ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને સાથી નિયામક મંડળે તાત્કાલિક ધોરણે નવું ઓનલાઈન ટેન્ડર બહાર પાડ્યું જે માત્ર **રૂા.૭.૧૨ કરોડ**માં મંજૂર કરવામાં આવ્યું. | આ પનીર પ્લાન્ટના જુના ટેન્ડરને રદ કરી નૂતન નિયામક મંડળ દ્વારા મુકવામાં આવેલ નવા ટેન્ડર થકી **રૂા.૩૨.૯૩ કરોડ (જુના ટેન્ડરના મંજૂર ભાવ) - રૂા.૭.૧૨ કરોડ (નવા ટેન્ડરના મંજૂર ભાવ) = રૂા.૨૫ કરોડ** નો સીધો ફાયદો કરવામાં આવ્યો. |
| રાજસ્થાન ખાતેના પાવટા અને લોચુકાબાસ માં ભેંસનું દૂધ અને મિશ્ર દૂધ ના કલેક્શન અલગ કરી દેવામાં આવ્યા (દિલ્હીના બજારમાં ભેંસના દૂધની ભારે માંગ હોવાથી પહેલાં આ દૂધ મહેસાણાથી મોકલવામાં આવતું હતું ) | આ બંને સ્થળો ખાતે થી ભેંસનું અને મિશ્ર દૂધનું કલેક્શન જુદુ કરીને દૂધસાગરના માનેસર પ્લાન્ટ તથા દૂધસાગરના ધારૂહેડા પ્લાન્ટ ખાતે મોકલી આપતાં ટ્રાન્સપોટેશન ખર્ચમાં લાખો રૂપિયાનો ઘટાડો નોંધાવા પામ્યો છે. |
| દૂધસાગર ના ધારૂહેડા પ્લાન્ટ ખાતે ઈલેક્ટ્રીકસીટી સહિત વિવિધ ક્ષેત્રે કરકસર અપનાવી અગાઉ કરતાં **૧ લિટર** દૂધના પ્રોસેસીંગ ખર્ચમાં **૧૭ પૈસાનો** ઘટાડો કરવામાં આવ્યો. | **ત્રેવડ એ ત્રીજો ભાઈ** : હોવાના સૂત્રને સાકાર કરતી આ વહિવટીય પધ્ધતિના પરિણામે સ્વરૂપ ધારૂહેડા ખાતે કરવામાં આવેલી આ કરકસરને પરિણામે આ વર્ષે આપણને આશરે **વાર્ષિક રૂા.૩.૩૮ કરોડ** ની બચત થવા પામી છે. |
| વૈજ્ઞાનિક અભિગમ અપનાવી દૂધસાગર ના ધારૂહેડા ખાતે પાણીના વપરાશમાં **દૈનિક ૨ લાખ લિટર**નો ઘટાડો કરવામાં આવ્યો. | ધારૂહેડા પ્લાન્ટ ખાતે કરવામાં આવેલી આ પાણીની કરકસર માત્રથી આપણી દૂધસાગરને આ **વર્ષે રૂા.૬૨ લાખ** ની **ઉડીને આંખે વળગે** તેટલી બચત થવા પામી છે. |

| → એક્શન | → રિએક્શન |
| --- | --- |
| ● દૂધસાગર સંચાલિત દૂધ માનસાગર ડેરી (માનેસર) ખાતે **સોલર સિસ્ટમ (સૂર્યઉર્જા)** અપનાવવામાં આવી. | ● વૈજ્ઞાનિક પધ્ધતિના આ એકમાત્ર સોલર સિસ્ટમ પ્રોજેક્ટને માનેસર ખાતે અપનાવવાથી આપણે **વાર્ષિક રૂા.૪૭ લાખ** બચાવવામાં સફળ રહ્યા છીએ. |
| ● મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સંચાલિત જુદા-જુદા પ્લાન્ટોમાં વપરાતા **સફાઈ કેમીકલ** માં ફેરફાર કરવામાં આવ્યા. | ● મહેસાણા દૂધસંઘના વિવિધ એકમો ઉપર માત્ર સફાઈ કેમીકલ ના આ ફેરફારથી સંઘને આ વર્ષે આશરે **રૂા.૧ કરોડ**ની બચત થવા પામી છે. |
| ● મહેસાણા ખાતેના **કેનડોક** બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. | ● આ એકમાત્ર નિર્ણયથી આપણા દૂધસંઘને આ વર્ષે **રૂા. ૧ કરોડ**ની બચત કરવામાં સફળતા મળી છે તેમજ ISO ના ધારાધોરણ જાળવવામાં સફળતા મળી છે. |

# દેશના વિકાસમાં હવે દૂધસાગર : શ્રી.અશોકભાઈ ચૌધરી




## આત્મવિશ્વાસથી આપણે આત્મનિર્ભર ભારતના સુવ્યવસ્થિત ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છીએ

**(અહેવાલ : દૂધસાગર પત્રિકા )** મહેસાણાની દૂધસાગર ડેરીના ફેક્ટરી વિભાગના પ્રાંગણમાં સંસ્થાના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી, M.D. શ્રી.ધીરજકુમાર, ડિરેક્ટરશ્રી. સરદારભાઈ ચૌધરી, દિલીપભાઈ અને કનુભાઈ ચૌધરી ની પ્રેરક ઉપસ્થિતીમાં રાષ્ટ્રધ્વજને ગૌરવપૂર્ણ સલામી આપવામાં આવી. આ પ્રસંગે સંસ્થાના વડા શ્રી.અશોકભાઈ ચૌધરી દૂધના ક્ષેત્રમાં ભારતની પ્રગતી અને વડાપ્રધાનશ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબના સ્વપ્નના ભારતને પરિપૂર્ણ કરવા “દેશના વિકાસમાં હવે દૂધસાગર” સૂત્રને સાકાર કરવા મહેસાણા દૂધસંઘ સાથે જોડાયેલા તમામ પશુપાલકો કર્મચારીઓ અને અધિકારીઓને આહવાન કર્યું હતું. મહેસાણા દૂધસંઘ સાથે જોડાયેલા માનેસર અને ધારૂહેડા તથા જયપુર અને જગુદણ, ઉબખલ, પાટણ, કડી, વિહાર, હારીજ સહિત તમામ એકમોમાં ૭૩ મા પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. **(જુઓ : દૂધસાગરના વિવિધ કાર્યક્ષેત્રોની ગણતંત્ર દિવસની ઉજવણીની ઝલક)**


(મહેસાણા : દૂધસાગર)


(જગુદણ : કેટલફીડ)


(દિલ્હી : માનેસર-ધારૂહેડા)


(રાજસ્થાન : કેનીના)



# પ્રાકૃતિક ખેતી એક કદમ કુદરત તરફ



(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

આપણા શાસ્ત્રોમાં ભૂમિની માતા તરીકે વંદના કરવામાં આવી છે ! આ ભૂમિ આપણને જીવન માટે જરૂરી ખોરાક, પાણી, ઔષધિઓ, રહેઠાણ અને અનેકવિધ જરૂરીયાતો પૂરી પાડે છે. એટલે આપણે સૌ ધરતીમાતા ના ઋણી છીએ. જગતનો તાત કહેવાતો ધરતીપુત્ર આ ભૂમિ ઉપર રાત-દિવસ કાળી મજૂરી કરી અનેક પાકના ઉત્પાદન કરે છે. આપણી જમીનમાં અનેક સુક્ષ્મ જીવાણુંઓ હોય છે. જે જમીનમાં જરૂરી પોષક તત્વો ઉમેરીને તેને પાક માટે ફળદ્રુપ બનાવે છે. પરંતુ, છેલ્લા કેટલાક દાયકાઓથી કુત્રિમ રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના આડેધડ ઉપયોગથી જમીનમાં રહેતા અનેક મદદરૂપ સુક્ષ્મ જીવાણુંઓ, ઉપયોગી કીટકો અને મધમાખીઓનો નાશ થવાથી જમીનની ફળદ્રુપતા નાશ પામી રહી છે. મોંઘાદાટ ખાતરો, દવાઓ, બિયારણ અને ટેક્નોલોજીના ઉપયોગે ખેડૂતને પરવશ બનાવી દીધો છે. ખેતીવાડીનો ખર્ચ વધી રહ્યો છે અને સામે આવક એટલા પ્રમાણમાં વધતી નથી. વળી, આવા ખેતઉત્પાદનો થકી દવાઓ અને ખાતરના કેમીકલના અંશો ખોરાકમાં જવાથી કેન્સર જેવી અનેક બિમારીઓ વધી રહી છે. સરકારના અનેક પ્રયાસો પછી પણ ખેડૂતની આવક ડબલ કરવાનું સ્વપ્ન ફળીભૂત થવામાં આ મોટી આડખીલીઓ છે. આ બધાનો એ માત્ર ઉપાય એટલે **"ઝીરો બજેટ આધારિત ખેતી"** માનનીય પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્ર મોદીજી ખેડૂતોની આવક ડબલ કરવા માટે પ્રાકૃતિક ખેતીની પ્રોત્સાહન આપી રહ્યા છે અને આપણા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પણ સતત પ્રાકૃતિક ખેતીનો પ્રચાર કરી રહ્યા છે. આ બાબતે સાગરપત્રિકાની ટીમે દૂધસાગરના અધિકારી શ્રી.અશ્વિનભાઈ વી. ચૌધરી અને ભરતભાઈ જાની સાથે અન્ય સાથીદારો સાથે આપણા જીલ્લાના એક પ્રગતીશીલ ખેડૂતની મુલાકાત લઈ આ બાબતે તેમના વિચારો જાણ્યા. તો આવો જોઈએ પ્રાકૃતિક ખેતી અંગેનો એક વિશીષ્ટ અહેવાલ.

પ્રાકૃતિક ખેતી દ્વારા સફળતા પ્રાપ્ત કરનાર નટવરભાઈએ દૂધસાગર પત્રિકાને જણાવ્યું કે ; પ્રાકૃતિક ખેતી પધ્ધતિ અંતર્ગત વાવેતર પહેલાં ખેતરમાં જીવામૃતનો છંટકાવ કરીએ છીએ, પછી પાકની વાવણી કરીએ છીએ. પાક ઉગે ત્યારથી તૈયાર થાય ત્યાં સુધી બે થી ત્રણ વાર પાણીમાં ભેળવીને જીવામૃતનો છંટકાવ કરીએ છીએ. આના કારણે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો પડતો નથી. જીવામૃત અને ઘન જીવામૃતના કારણે એકાદ વરસાદ થઈ ગયા પછી ખેતરની માટી ભીની-પોચી થઈ ગયા બાદ ભૂગર્ભમાં હજારોની સંખ્યામાં અળસિયાનો સળવળાટ શરૂ થઈ જાય છે. જે જમીનને છિદ્રાળું બનાવી દે છે. પરિણામે વરસાદનું પાણી આ છિદ્રો વાટે ભૂગર્ભમાં સંચય થવાથી ભેજ સચવાઈ રહે છે. આમ સિંચાઈની સમસ્યા ખાસ નડતી નથી.



શ્રી. નટવરભાઈ વિશિષ્ટ પાકોનું આયોજનપૂર્વક પ્રાકૃતિક ખેત પધ્ધતિ દ્વારા વાવેતર કરીને મબલખ પાક મેળવે છે. અજમો, રાયડો અને આંબળા જેવા પાકોની ગુણવત્તાને કારણે ભાવ પણ સારા મળે છે. તેઓ પ્રાકૃતિક ખેતી છેલ્લા સાત વર્ષથી કરે છે. તેઓએ પ્રાયોગિક ધોરણે ખેતરના શેઢા પર ખારેક અને દોઢ એકરમાં આંબળાના વાવેતરનો સફળ પ્રયોગ કરીને અન્ય ખેડૂતોને પણ રાહ ચિંધ્યો છે. પોતાના ઘરે પણ ક્યારામાં દ્રાક્ષ, મોસંબી, બીજ વગરના લીંબુ, હળદર અને શાકભાજીનો પ્રાકૃતિક રીતે સફળ ઉછેર કર્યો છે. શ્રી. નટવરભાઈ જણાવે છે કે ; પ્રાકૃતિક ખેતી એજ પર્યાવરણને બચાવવાનો એક માત્ર ઉપાય છે ! માનવજાત પર જેની કલ્પના પણ ના કરી હોય તેવા જાત-જાતના ગંભીર અને જીવલેણ રોગોમાંથી મુક્તિ મેળવવા હવે માત્ર પ્રાકૃતિક ખેતી એ જ માત્ર એક ઉપાય બચ્યો છે જેને અપનાવ્યા વગર છૂટકો નથી. નટવરભાઈ જેવા પ્રગતીશીલ ખેડૂતના પુરૂષાર્થ ના દર્શન કરવાનો પણ એક લ્હાવો હતો. નટવરભાઈને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર, શ્રેષ્ઠ આત્મા ખેડૂત, કૃષિગૌરવ પુરસ્કાર, ઉત્તમ ખેડૂત પુરસ્કાર વગેરે જેવા સાતેક એવોર્ડ મળી ચૂક્યા છે. અનેક ખેડૂતોએ તેમના ફાર્મની મુલાકાત લઈને આ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. અને એને જ તેઓ જીવનની સાર્થકતા અને સૌથી મોટો એવોર્ડ માને છે.

## રાસાયણિક અને પ્રાકૃતિક ખેતીની તુલના

| | અજમો | | આમળાં | | રાયડો | |
|---|---|---|---|---|---|---|
| | રાસાયણિક ખેતી | પ્રાકૃતિક ખેતી | રાસાયણિક ખેતી | પ્રાકૃતિક ખેતી | રાસાયણિક ખેતી | પ્રાકૃતિક ખેતી |
| ઉત્પાદન | ૨૦ મણ | ૩૦ મણ | ૧૦૦ થી ૧૫૦ મણ | ૨૦૦ થી ૨૫૦ મણ | ૩૦ થી ૩૨ મણ | ૪૦ થી ૪૫ મણ |
| ભાવ | રૂ. ૧,૫૦૦ પ્રતિ મણ | રૂ. ૨,૫૦૦ પ્રતિ મણ | રૂ. ૧૦ પ્રતિ કિ.ગ્રા. | રૂ. ૨૫ પ્રતિ કિ.ગ્રા. | રૂ. ૮૦૦ પ્રતિ મણ | રૂ. ૧૧૦૦ પ્રતિ મણ |
| ખર્ચ | રૂ. ૯,૦૦૦ | રૂ. ૫,૦૦૦ | રૂ. ૮,૦૦૦ | રૂ. ૫,૦૦૦ | રૂ. ૯,૦૦૦ | રૂ. ૫,૦૦૦ |
| આવક | રૂ. ૩૦,૦૦૦ | રૂ. ૭૫,૦૦૦ | રૂ. ૩૦,૦૦૦ | રૂ. ૧,૨૫,૦૦૦ | રૂ. ૨૫,૬૦૦ | રૂ. ૪૯,૫૦૦ |
| નફો | રૂ. ૨૧,૦૦૦ | રૂ. ૭૦,૦૦૦ | રૂ. ૨૨,૦૦૦ | રૂ. ૧,૨૦,૦૦૦ | રૂ. ૧૬,૬૦૦ | રૂ. ૪૪,૫૦૦ |

## મહેસાણા દૂધસંઘ ના સંઘર્ષમાં સ્વ.મોતીભાઈ ચૌધરીના
# બાવીસ વર્ષના સાથીદાર





## પદ્મશ્રી. માલજીભાઈ દેસાઈને
# સાગર - સેલ્યૂટ



(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

ગત ૨૬ જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ ભારત ગણતંત્રના મહામહીમ રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરવામાં આવેલ વિવિધ એવોર્ડની જાહેરાતમાં ઉત્તર ગુજરાતના મુઠ્ઠી ઊંચા માનવી એવા પ્રખર ગાંધીવાદી અને સેવા તથા સાદગી જેમનો જીવનમંત્ર રહ્યો છે તેવા વંદનીય શ્રી.માલજીભાઈ દેસાઈ (ગાંધી આશ્રમ ઝિલીયા) ને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કાર થી સન્માનીત કરવામાં આવશે ની જાહેરાત સાંભળી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના યશસ્વી ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરીએ માલજીભાઈ દેસાઈની કર્મભૂમી એવી ઝિલીયા આશ્રમની વાટ પકડી ! દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં : ચેરમેનશ્રીએ જણાવ્યું કે આ ડેરીની સ્થાપનાથી જ સ્વ.માનસિંહભાઈ ચૌધરી ના માર્ગદર્શન હેઠળ માલજીભાઈ દેસાઈનું જીવન ઘડતર થયું હતું. સ્વ.મોતીભાઈ ચૌધરીના કાર્યકાળ દરમ્યાન સતત દૂધસાગર ડેરી ને ૨૨ વર્ષ સુધી નિયામક મંડળના સભ્ય તરીકે માલજી દાદાએ આ સંસ્થાની સેવા કરી છે. દૂધસાગર માટે આજે પણ તેમનું માર્ગદર્શન મને સતત ના ધોરણે મળતું રહે છે ત્યારે હવે ; આપણા સૌના પૂજનીય શ્રી.માલજીભાઈ દેસાઈ પદ્મશ્રી બન્યા છે ત્યારે વ્યક્તિગત રીતે તથા એક સંસ્થા તરીકે હું અત્યંત ગૌરવની લાગણી અનુભવી રહ્યો છું. માલજીભાઈ દેસાઈના માર્ગદર્શનની દૂધસાગર સંસ્થા તથા મને ખૂબ જરૂર છે એ હું જાહેરમાં સ્વીકારૂ છું ત્યારે, પરમકૃપાળું પરમાત્મા તેમને તંદુરસ્ત અને દિર્ઘાયું જીવન બક્ષે અને તેઓ સતત આ વિસ્તારના જરૂરીયાત મંદોની મદદ કરતા રહે અને આપણી દૂધસાગર ને તેમનું સતત દિશા સૂચન મળતું રહે તેવી આ તબક્કે પ્રાર્થના કરી હ્રદયના ઉંડાણથી માલજીભાઈના વર્તમાન જીવનને અભિનંદન અને મારી શુભકામનાઓ પાઠવું છું.

## સમી તાલુકાના ગોચનાદ ગામે દૂધમંડળીના નવા મકાનનું લોકાર્પણ

તાજેતરમાં દૂધસાગર ડેરીના તપસ્વી ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના વરદ હસ્તે ડિરેક્ટરશ્રી.સકતાભાઈ ભરવાડ અને મંડળીના પ્રમુખ કિરીટભાઈ તથા આગેવાનો અને ગ્રામજનોની ઉપસ્થિતીમાં સમી તાલુકાના ગોચનાદ મૂકામે દૂધમંડળીના નવીન મકાનનું લોકાર્પણ સંપન્ન થયું.

## માનેસર ડેરીના કર્મચારીઓના અથાગ પર્યત્નોથી
# પેકીંગ મટેરીયલ ફિલ્મનો બગાડ અટક્યો

(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

દૂધસાગર ડેરી સંચાલિત હરિયાણાની દૂધ માનસાગર ડેરી (માનેસર)ના અધિકારી તથા કર્મચારીઓ માટે અગાઉના વર્ષ ૨૦૨૦ માં પેકીંગ મટેરીયલ ફિલ્મનો બગાડ કે જે ૧.૬૦% હતો તે ભારે ચિંતાનો વિષય બન્યો હતો. નવા મેનેજમેન્ટના આગમન બાદ આ વેસ્ટેઝ ઓછું કરવાની એક ચેલેન્જ અહિંના U.H.T. વિભાગના કર્મચારીઓ માટે ચેલેન્જ બની સામે આવ્યો હતો. પરંતુ, મન હોય તો માળવે જવાય એ સૂક્તિના સહારે નવા મેનેજમેન્ટના માર્ગદર્શન અને સલાહ સૂચન પ્રમાણે આ અંગે સ્પષ્ટ રૂપરેખા ઘડવામાં આવી અને આ બગાડને અટકાવવા ચો તરફથી મહેનત શરૂ થતાં અગાઉના વર્ષમાં U.H.T. દૂધનું પ્રોડક્શન કે જે ; ૨૦૨૦ માં ૨૯૪૦૪ મેટ્રિક ટન હતું જે ૨૦૨૧ ના વર્ષમાં વધીને ૩૦૮૯૮ મેટ્રિક ટન થવા છતાં હાલમાં, પેકીંગ મટેરીયલ ફિલ્મનો બગાડ વધવાને બદલે ઘટીને ૧.૦૬ % થયો છે જે એક અવિશ્વસનીય સિધ્ધી છે. દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં માનેસર ડેરીના જવાબદાર અધિકારીઓએ જણાવ્યું કે ૨૦૨૨ સુધીમાં આ બગાડને એક ટકાથી નીચે લઈ જવાનું લક્ષ્યાંક ધરાવે છે. આ સિધ્ધી અને ઉત્તમ કામગીરી માટે દૂધસાગરનું મેનેજમેન્ટ આ કર્મવીરોને અભિનંદન પાઠવે છે.

## ટાઈમનો ટકોરો
## માનેસર ડેરીમાં માત્ર બોઈલરની ચીમની બદલાઈ
# અને રોજના 200 લિટર ડિઝલની બચત


(જૂની ચીમની)


(નવી ચીમની)

ઈ.સ.૨૦૦૫ માં દૂધમાનસાગર ડેરી (માનેસર) ખાતે ૪.૫ ટનના બે બોઈલર લગાવવામાં આવ્યા હતા. એ સમયે એક બોઈલર વર્કીંગ અને એક બોઈલરને સ્ટેન્ડ બાય મોડમાં રાખવામાં આવતું હતું. પરંતુ, આ બંને બોઈલરોની એક્ઝોસ્ટ સીસ્ટમ એટલે કે ધૂમાડો છોડવાની ચીમની એક જ હતી.

ત્યારબાદ ; UHT (અમૂલમોતી) દૂધનું ઉત્પાદન શરૂ થવાથી બંને બોઈલર સાથે ચલાવવાની શરૂઆત કરવામાં આવી પરંતુ બંને બોઈલરોની ચીમની માત્ર એક હોવાથી ક્ષમતા મુજબ કામ થઈ શકતું નહોતું. જેના લીધે એક બોઈલર ઓટોમેટીક અને બીજા બોઈલરને મેન્યુઅલ રીતે ચલાવવું પડતું હતું. આ લીધે દૂધ પ્રોસેસ માટે જરૂરી વરાળ પૂરી પડતી નહોતી તથા બોઈલર બેક ફાયર નો સતત ભય રહેતો હતો.

શ્રી. અશોકભાઈ ચૌધરીના નવા નિયામક મંડળના આગમન બાદ આ ડેરીના જવાબદાર અધિકારીઓએ તેમને આ વિશે અવગત કરાવતાં આઠ વર્ષ જૂની આ ૨૦૧૩ ની સમસ્યાનો ઉકેલ ગત ઓક્ટોમ્બર મહિનામાં આવી ગયો. સંસ્થાના M.D. શ્રી. ધીરજકુમાર, ED શ્રી. પ્રવિણકુમાર બાંભી, માનેસર પ્લાન્ટના હેડ શ્રી.અલ્પેશ જૈન અને અન્જિનીયરીંગ વિભાગના હેડ કે.ડી ચૌધરી અને જીવરામભાઈ ચૌધરી મેનેજમેન્ટની સૂચના પ્રમાણે હરકતમાં આવી ગયા અને અનુભવના આધારે ચીમનીનું મોડીફીકેશન પૂર્ણ થયું. હાલમાં, આ બંને બોઈલર પ્લાન્ટ ફુલ લોડ અવસ્થામાં ઓટોમેટીક કામ કરી રહ્યા છે તથા જરૂરી વરાળ મળી રહી છે તથા અકસ્માતનો ભય ટળી ગયો છે.

દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં ઈન્ચાર્જ જીવરામભાઈ ચૌધરી જણાવી રહ્યા છે કે ; ગત ઓક્ટોમ્બર મહિનાથી રોજનું **૧૫૦** થી **૨૦૦** લિટર ડીઝલ બચી રહ્યું છે જે મહિના પ્રમાણે આશરે **૪૫૦૦** થી **૬૦૦૦** લિટર ની બચત ગણાય અને હાલના ડીઝલના ભાવ **૮૦.૨૩** પૈસા પ્રતિલીટર પ્રમાણે ગણીએ તો માસીક **૩,૬૧,૦૦૦ થી ૪,૮૧,૦૦૦ રૂપિયાનો** અને વર્ષના હિસાબે આશરે **૪૩,૩૨,૦૦૦ રૂા. થી ૫૭,૭૨,૦૦૦ રૂા.** થાય : આ છે નવા મેનેજમેન્ટનો **ટાઈમનો ટકોરો.**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા